# કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી

બ્લોક નં-૯, પ્રથમ માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

ક્રમાંક: ઘ/અનદ-૩/પરિપત્ર/ઉ.ના.સ./૨૦૧૯/ 11461-95 તા. 30/05/૨૦૨૦

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ.

વિષય:- ચાલુ નોકરી અવસાન પામેલ થયેલ વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા બાબત

સંદર્ભ: અત્રેના પત્ર ક્રમાંક: ઘ/અનદ-૩/ઉ.ના.સ./પરિપત્ર/૨૦૧૯/૨૯૧૪૯-૮૩, તા. ૧૬/૧૦/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, અત્રેની કચેરી ખાતે બિનસરકારી અનુદાનિત શાળાઓના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓ કે જેઓ ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામે તો સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના ઠરાવ મુજબ અવસાન પામેલ કર્મચારીઓના આશ્રિત ને ઉચ્ચક નાણાંકીય સહાય મંજુર કરવા અંગેની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ, ગુજરાત રાજ્ય દ્વારા અત્રે રજુ કરવામાં આવે છે.

ઉક્ત જણાવ્યા મુજબની અત્રે રજુ થતી દરખાસ્તોની ચકાસણી કરતા મોટાભાગની દરખાસ્તોમાં અધુરાશો જોવા મળેલ છે જે અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ, ગુજરાત રાજ્યને નીચે મુજબની સૂચનાઓ અનુસરવા જણાવવામાં આવે છે.

૧. જિલ્લાઓમાંથી અત્રે રજુ થતી ઉચ્ચક નાણાંકીય સહાયની દરખાસ્તોમાં આશ્રિત અરજદારની અરજી શાળા કક્ષાએ નોંધવામાં આવતી નથી અને તે અંગેના કોઈ આધારો પણ રજુ કરવામાં આવતા નથી. તેથી DEOશ્રી, તમામને તેમના જિલ્લાના તાબા હેઠળની શાળાઓમાં આવક રજીસ્ટરમાં આશ્રિત અરજદારની અરજી નોંધાય તે અંગે પૂરતી ચકાસણી કરી અત્રે રજુ કરવાનું રહેશે.

૨. ચાલુ ફરજ દરમ્યાન અવસાન પામનાર શાળાના કર્મચારીના આશ્રિતને સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ની જોગવાઈ મુજબ સ્વ. કર્મચારીના અવસાનના છ માસની સમયમર્યાદામાં ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવાની અરજી આપવા અંગેની જાણ કરવાની જવાબદારી શાળાના આચાર્યશ્રી ની રહેશે અને શાળા દ્વારા પણ આશ્રિત અરજદારની અરજી તથા અન્ય સાધનિક પુરાવો મેળવી સમયમર્યાદામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે છ માસની સમયમર્યાદામાં રજુ કરવાની રહેશે.

૩. સ્વ. કર્મચારીના અવસાન બાદ શાળા દ્વારા આશ્રિત અરજદારને ઉચ્ચક નણાંકીય સહાય મેળવવાની અરજી કરવા અંગેની જાણ કરવામાં આવેલ ન હોય તો તે શાળા વિરૂધ્ધ નિયમાનુસારની કાર્યવાહી કરી અત્રે જાણ કરવાની રહેશે.

૪. અત્રે રજુ થતી દરખાસ્તોની ચકાસણી કરતા અનુભવે જણાયું છે કે ઘણા કેસોમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓ ખાતેથી અત્રેથી પૂર્તતા અંગેના પત્ર પાઠવ્યાના ૦૧ વર્ષ ના સમયગાળો વીતી ગયા બાદ પણ પૂર્તતા કરવામાં આવતી નથી. જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી અત્રેના પૂર્તતાના પત્ર મળ્યાના દિન -૦૫ માં પૂર્તતા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના સંબંધિત કર્મચારીએ અત્રે રૂબરૂ હાજર રહી રજુ કરવાની રહેશે. [PTO] →

૫. અત્રે રજુ થયેલ કેસોમાં અત્રેથી પૂર્તતા રજુ કરવા અંગેના પત્રમાં આપની કચેરીના સબંધિત કર્મચારીને રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે છતા પણ અત્રે હાજર ન રહી અત્રેની કચેરીની સૂચનાનું પાલન કરવામાં આવતું નથી. જે ધ્યાને લઈ DEOશ્રી, તમામે સંબંધિતોને તેમની કક્ષાએથી સૂચનાઓ આપવાની રહેશે.

૬. અત્રે રજુ થતી દરખાસ્તોમાં શાળાઓ દ્વારા સ્વ. કર્મચારીના પેન્શન મંજુર થયા બાદ કેસ રજુ કરવામાં આવે છે તે અંગે જણાવવાનું કે, આ પ્રકારની દરખાસ્તમાં સ્વ. કર્મચારીના પેન્શન અંગેની થયેલ કાર્યવાહીના આધારો સામેલ રાખી અત્રે રજુ કરવી જેથી બિનજરૂરી વિલંબ ટાળી શકાય. જેથી દરખાસ્ત સમયમર્યાદામાં રજુ થઈ શકે.

૭. શાળા કક્ષાએથી આ પ્રકારની દરખાસ્ત છ માસમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે રજુ થાય તે અંગેની કાર્યવાહી કરાવવાની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની રહેશે.

૮. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા અત્રે દરખાસ્ત રજુ કરવા અંગે અત્રેથી ફોરવર્ડીંગ પત્રનો નિયતનમૂનો અત્રેના તા. ૦૩/૦૬/૨૦૧૯ ના પત્રથી આપને આપવામાં આવેલ છે તે પત્રના નમૂનામાં જ ક્રમ મુજબ ચેકલીસ્ટ તથા અન્ય સાધનિક કાગળો ગોઠવી દરખાસ્ત રજુ કરવાની રહેશે.

૯. સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૫/૦૭/૨૦૧૧ ના ઠરાવ અગાઉ અવસાન પામેલ કર્મચારીના કેસો બાબતે જણાવવાનું કે, આ પ્રકારના કેસો અંગે આપના દ્વારા કોઈ સ્પષ્ટ અભિપ્રાય આપવામાં આવતો નથી. જેથી કેસ મંજુર/નામંજુર કરવામાં વિલંબ થાય છે.

ઉક્ત જણાવ્યા મુજબના કેસોમાં કેસ પડતર ગણાવાનો થાય કે કેમ ? તે અંગેના આપના સ્પષ્ટ અભિપ્રાય સાથે અત્રે રજુ કરવાના રહેશે.

૧૦. સ્વ. કર્મચારી જે તારીખથી અવસાન પામ્યા હોય તે તારીખથી તે મહિનાના અંત સુધીનો પગાર જો ચૂકવાયેલ હોય તો તે ચલણથી પરત કર્યાની ચલણની કોપી તથા એનેક્ષર-જી ફરજિયાત મોકલવાનું રહેશે. જો કર્મચારીને તે માસનો વધારાનો પગાર પરત ચૂકવવાનો થતો ન હોય તો શાળાના આચાર્યશ્રી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નું સંયુક્ત પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તથા એનેક્ષર-જી માં રકમ **NIL** દર્શાવવાની રહેશે

આમ, ઉક્ત જણાવ્યા મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા તથા આ અંગે જે તે જિલ્લા દ્વારા તેમના તાબા હેઠળની શાળાઓને પરિપત્ર કરી સદર સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તેમ જણાવવાનું રહેશે.

નોંધ પર મળેલ માન. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી( માધ્યમિક) ના આદેશાનુસાર.

નાયબ શિક્ષણ નિયામક,
માધ્યમિક,
ગુ.રા., ગાંધીનગર